**અમદાવાદના મહે.સાતમા અધિક સીવીલ જજ તથા જે.એમ.એફ.સી.ની કોર્ટમાં, અમદાવાદ (ગ્રામ્ય),**

**ફોજદારી કેસ નંબર –૧૭૪૭૭ / ૨૦૨૪**

**આંક:–**

ફરીયાદ :– શ્રી સરકાર

**// વિરુધ્ધ//**

આરોપી :– રામશંકર દયારામ વર્મા

બાબત :– ગુજરાત નશાબંઘી અધિનિયમની ની કલમ ૬૬(૧)(બી),૮૫(૧) મુજબ

---

**<u>// ચુ કા દો //</u>**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપી સામે ગુજરાત નશાબંઘી અધિનિયમની ની કલમ ૬૬(૧)(બી),૮૫(૧) મુજબ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે અને ચાર્જરીટને ફોજદારી કેસ નંબર આપવામા આવેલ.

(૨) આરોપી ને સમન્સ કરતા કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા ગુના કબુલાત અંગે પુછતા તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ તેઓની ગુના ની કબુલાત પુરસીસ રેકર્ડ કરી અને તેમાં તેઓએ જણાવેલ છે કે,તેઓને ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે.આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીની કબુલાત કરતા હોય અનેઆરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી અને આરોપી દંડની સજા કરવી વાજબી જણાતી હોય ન્યાયના હિતમા નીચે મુજબ હુકમ કરૂ છું.

**<u>// હુ ક મ //</u>**

(૧) દરેક આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ર૫ર અન્વયે ગુજરાત નશાબંઘી અધિનિયમની ની કલમ કલમ ૬૬(૧)(બી),૮૫(૧) અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી દરેક આરોપી ને રૂપિયા ૧૦૦/– (શબ્દોમા રૂપીયા સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન – ૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ:– ૧૪ મી, માહે:– સપ્ટેમ્બર , સને:–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ:– ૧૪ / ૦૯ /૨૦૨૪

સ્થળ :– અમદાવાદ

**( ડો.પૂર્વી કૌશિકભાઈ પંડયા )**

સાતમા અધિક જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

નવરંગપુરા, અમદાવાદ (ગ્રામ્ય)

કોડ નં.જી.જે.૦૧૩૯૮